સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ટીકાઓ સાંભળી સંવેદના બુઠ્ઠી થઈ ગઈ છે!
અપમાનો સહીને ચામડી જુઠ્ઠી થઈ ગઈ છે!
કુંઠિત થઈ ગઈ છે ભાષા-વૈચારિક કક્ષાએ -
સમુદ્ર સમ હતી ગરિમા, મુઠ્ઠી થઈ ગઈ છે!
(અમારી ચામડી જાડી થઈ ગઈ - ઉર્જીત પટેલ)

લ્યો! મહિલાની
નાજૂક પક્ષો દ્વારા
કરશે પૃછા!
(પુરૂષ અધિકારી, મહિલા આયોગ)

ભેલાણ પછી,
સંસ્કાર - સરહદે,
કચ્છ એલર્ટ!?
(ખાલી તબેલે તાળાં)

હાઈકુ

ચિંતન

નાસ્તિ ભીરોઃ કાર્યચિન્તા ।

કાયરને કાર્ય ચિંતા નથી સતાવતી.

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

વીર પુરુષો જ કાર્યનું મહત્ત્વ સમજે છે અને એને પૂર્ણ કરવા માટે પ્રાણની બાજી ખેલે છે. પરંતુ ભીરુ, કાપુરુષો કાર્યને પીઠે બતાવે છે અને એ માટે કોઈને કોઈ બહાનાંઓ શોધી કાઢે છે. શત્રુઓનો નાશ કરવાને બદલે, શત્રુઓથી આત્મરક્ષા કરવાને બદલે તેઓ શત્રુઓના ચરણ ચૂમે છે.

કેટલાક લોકો 'આળશ' અને પોતાના 'ભીરૂપણા' - ડરપોક સ્વભાવને બચાવ પ્રયુક્તિના અવનવા વાઘા પહેરાવી પોતાની મૂળ વૃત્તિને છુપાવવાનો પ્રયત્ન કરે છે. કોઈ નવું કામ-સાહસ-નિર્ણય - 'હંમણાં નહીં પછીં -' 'કાલે' દિવાલી પછી વગેરે કહી ઠેલતાં રહે છે.

કોઈ પણ કામ - સાહસ આયોજનપૂર્વક વિચારીને કરવું જ જોઈએ પણ એકવાર મક્કમપણે - સાહસપૂર્વક નિર્ણય લીધા પછી તેને પુરી શક્તિથી પૂર્ણ કરવા પરિશ્રમ પણ કરવો જોઈએ. કામથી ભાગનારા કદાપિ જીવનમાં સફળતાના શિખરે પહોંચતા નથી.

સુવિચાર

- તમે સફળ નીવડો તો તમારું ગાંડપણ 'સાહસ' લેખાય,
  અને નિષ્ફળ નીવડો તો તમારું સાહસ એ 'ગાંડપણ' લેખાય - **અખંડ આનંદ**
- કલમ કે પૂજારી અગર સો ગયો તે, વતન કે પૂજારી વતન બેચ દેંગે - **કુતુબુદ્દીન આઝાદ**
- એટલે તો કાળ સામે છું અડીખમ આજ પણ, બાજીઓ હારી, હશે, હિંમત હજી હારી નથી - **મરીઝ**
- મન એવું સફેદ કપડું છે કે એની ઉપર જે રંગ ચડાવો તે રંગ અપનાવી લે છે - **સુરેશ દલાલ**
- ગરીબ એ છે કે જેની આશાઓ વધેલી છે - **ડેનિયલ**
- બીજાઓ માટે જીવવાવાળા જ હકીકતમાં જીવન જીવે છે,
  પોતાના માટે જીવવાવાળા તો મરેલા બરાબર છે- **લાઓત્સે**
- આજનું ઔષધ : એલોવીરાના પાનને હુંફાળા ગરમ કરી સોજા પર બાંધવાથી સોજા તરત ઉતરી જાય છે.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

આજકાલ, કોઈ સંયુક્ત પરિવારમાં બે-ત્રણ પેઢીના ૩૦-૪૦ લોકો સાથે રહેતાં હોય તો એ 'સમાચાર' બની છાપે ચડે ને ફોટા પણ છપાય છે. આજની પેઢીમાં સહનશક્તિ-ત્યાગવૃત્તિ અને કામ કરી એકમેકને ઉપયોગી થવાની વૃત્તિ તદન ક્ષીણ થઈ ગઈ છે. કોઈને હૂંફ-વાત્સલ્ય-પ્રેમની પડી નથી...

સંતે આ વાત સમજાવવા 'શાહુડી' એક શરીર પર કાંટાળુ પ્રાણીની વાત કહે છે. શાહુડી પોતાના શરીર પરના કાંટા ઊભા કરી પોતાનું રક્ષણ કરે છે પણ તે ટાઢ સહન નથી કરી શકતું. આથી પરિવારની ૧૦-૧૫ શાહુડી એકમેદને ભેટી, એકમેકની હૂંફમાં ઠંડી રાત પસાર રે છે. જો કોઈ શાહુડીમાં ન જોડાય તો સવાર સુધીમાં મૃત્યુ પામે છે. હૂંફમાં રહેતાં એકમેકને કાંટા પણ ભોંકાતા રહે છે પણ એ સહન કરીને પણ - હૂંફમાં રહી જીવી જાય છે.

સંસારીઓ એ સંસારમાં આમ શાહુડીની જેમ એકમેકનો ખરાબ સ્વભાવ, વૃત્તિઓને વેદના સહન કરીને પણ સંયુક્ત પરિવારની પ્રેમભરી હૂંફમાં દુઃખભર્યા દિવસો-રાત્રી પસાર કરતાં શીખવું જોઈએ.

માતૃભાષા દિવસે થોડું આત્મચિંતન

તંત્રીસ્થાનેથી...

વિશ્વ દિવસે દિવસે નાનું બનતું જાય છે. એની સાથે જ એ પોતાની અસલ ઓળખનું વૈવિધ્ય ગુમાવતું જાય છે. વસતી વધતી જાય છે. વસતિ વધતી જાય છે પણ એ જ વસતિની પાંચ પેઢીઓ પૂર્વે બોલાતી ઘરભાષા લુપ્ત થઈ જાય છે. અહીં માતૃભાષાના અને પિતૃભાષાના સંયુક્ત પર્યાય લેખે 'ઘરભાષા' શબ્દ પ્રયોજ્યો છે. ઘરમાં બોલાતી ભાષાનું સ્થાન ધીરે ધીરે બજારમાં બોલાતી ભાષાએ લઈ લીધું છે. સપનાં પણ નવી પેઢીને તો કદાચએ બજારું ભાષામાં જ આવતાં હશે, કારણ કે એણે પેલી દૂધભાષા સાથેનો સંબંધ ક્રૂરતાપૂર્વક કાપી નાખ્યો છે. સર્વેક્ષણ કરવામાં આવે તો શહેરી વિસ્તારમાં ઊછરતી અને કોન્વેન્ટ કલ્ચરમાં ભણતી આ મહત્ત્વાકાંક્ષી પેઢી પૈકી બહુ જ ઓછી સંખ્યામાં પોતાની માતૃભાષા પ્રત્યેનો આદર જોવા મળશે. માતૃભાષામાં બોલાશે તો પણ એવી કઢંગી કે નહીં તે ગુજરાતી લાગે કે નહીં અંગ્રેજી. એમાં ગુજરાતી હિંદી-અને અંગ્રેજી ત્રણેય ભાષાઓના શબ્દોનું અતિવિચિત્ર મિશ્રણ જોવા મળશે. આ પરિસ્થિતિ કેટલી વિઘાતક છે એનો અંદાજ હજી સુધી નથી આપણા લોકપ્રિય રાજકીય નેતાઓને આવ્યો કે નથી શિક્ષણવિદો આ મુદ્દે સક્રિય થયા. વિડંબનાના તો એ છે કે આપણી માતૃભાષાના સમર્થ સર્જકો અને યુનિવર્સિટી ભવનોમાં માતૃભાષા ભણાવી ચૂકેલાં સારસ્વતોનાં સંતાનોને સરખું ગુજરાતી લખતા-વાંચતા નથી આવડતું. આથી બહુ જ નજીકના ભવિષ્યમાં ગુજરાતી ભાષામાં લખનારાઓની કારમી અછત સરજાય તો નવાઈ નહીં. ગુજરાતી ભાષાનાં પુસ્તકોનાં શીર્ષકો પણ અંગ્રેજીમાં લખવાની નવી ફેશન શરૂ થઈ ગઈ છે. આ માતૃભાષા ઉપરનો વ્યભિચાર નથી તો બીજું શું છે? માતૃભાષા આપણી અસ્મિતાની ઓળખ છે. જેવી એ લોપાઈ જશે એવા આપણે સંપૂર્ણપણે ઓળખવિહોણા બની જઈશું. જયારે આપણે આવી અશુભ આગાહીઓ કરીએ છીએ ત્યારે એક ઉત્સાહી સમુદાય એની હાંસી ઉડાવતો રહે છે. ભાષા તો વહેતી ગંગા છે અને ભૂંસાવું એ એની નિયતિ છે - એવી દલીલો થતી રહે છે. બીજી તરફ ગુજરાતી ભાષામાં વિશ્વગુર્જરી બનવાનું કૌવત છે, એવો સધિયારો લઈ આપણે મન વાળી લઈએ છીએ. જયાં જયાં વસે એક ગુજરાતી - ત્યાં ત્યાં સદાકાળ 'ગુજરાત' એ વાત સાચી. પરંતુ જયાં જયાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ 'ગુજરાતી' - એવી પરિસ્થિતિ પ્રવર્તે છે ખરી? અલબત્ત, આ મુદ્દે આપણા વિદેશવાસી ગુજરાતીઓને જરૂર ફિકર ચિંતા રહે છે તે આવકાર્ય બાબત છે. પરંતુ એટલી ચિંતા પેટે પાટા બાંધીને બાળકોને અંગ્રેજી માધ્યમની શાળામાં ભણાવતા ગરીબ - મધ્યવર્ગના દેશી ગુજરાતીઓને છે ખરી? આ મુદ્દે વેળાસર ઝુંબેશ ઉપાડવાની જરૂર નથી શું? બાંગ્લાદેશનું સર્જન જ માતૃભાષા આંદોલનમાંથી થયું હતું - અને એની સ્મૃતિમાં જ વિશ્વ માતૃભાષા દિવસ ઊજવાયો હોય ત્યારે આપણે આપણા કવિ દલપતરામની જેમ રૂડી ગુજરાતી રાણીની વકીલાત કરતાં ગૌરવ કયારે અનુભવીશું? રાજકીય રેલીઓ થાય છે, વિધાનસભાનાં સત્રો મળે છે, પરંતુ શાસક પક્ષ કે વિરોધ પક્ષ તરફથી કયારેય માતૃભાષાની તરફેણનો કોઈ ઠરાવ થયેલો સાંભળ્યો? ફક્ત કર્મકાંડને બદલે આ મુદ્દે આપણે સહિયારો પુરુષાર્થ આરંભ કરીએ તો કેવું?

ચાલ ભાઈ, અડધો કલાક આપું છું

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

'અરેરે..... શું વાત કરો છો, યમદેવ?'

કહેતાની સાથેજ મહાકંજૂસ યમરાજાના પગમાં આળોટી ગયો. ગળગળો થઈ ગયો. હાથપગ ઢીલા પડી ગયા. બીકને કારણે પરસેવો વળી ગયો. યમરાજાએ સીધો જ આદેશ કર્યો,

''ચાલો ભાઈ, તમારો પૃથ્વી પરથી વિદાય લેવાનો સમય પાકી ગયો છે.''

એક મહાકંજૂસ માણસે દસ કોરડ રૂપિયા ભેગા કરવામાં જિંદગીનાં સાઠ વર્ષ ખર્ચી કાઢયાં...

''હવે તો બસ આવતા વર્ષથી મજા જ મજા.'' કંજૂસે વિચાર્યુ 'થોડા રૂપિયા સારે ઠેકાણે વ્યાજે મૂકીશ અને બાકીના છૂટથી વાપરીશ.

એય... ખાવું... પીવું.... હરવું.... ફરવું ને મોજ... મજા.'

એટલામાં તો યમરાજાનો આદેશ સંભળાયો. 'ભાઈ, તમારો સમય થઈ ગયો છે. હું તમને લેવા આવ્યો છું.' કંજૂસ આજીજી કરવા લાગ્યો, 'યમદેવ, હજી તો મેં રૂપિયા ભેગા જ કર્યા છે. વાપરવાના બાકી છે. તમે એમ કરો, પાંચેક વર્ષ થોભી જાઓ. કાંઈ નહીં તો મને ત્રણ વર્ષ આપો.'

યમરાજ બોલ્યા, 'જો ભાઈ, મારા ચોપડામાં તો જેનું નામ આવે તેણે મારી સાથે યમલોક સિધાવવું જ પડે.'

કંજૂસ : 'પણ દેવ, મારી પર દયા કરો.'

'ના બિલકૂલ નહી, ચાલો તૈયારી કરો.'

કંજૂસ : 'મને કલાક આપો, તમારી પાસે દયાની ભીખ માગું છું. મારી બધી સંપત્તિ તમારે નામે કરવા તૈયાર છું, પણ

થોડો વખત આપો!'

યમરાજે કહયું, 'ચાલ ભાઈ, અર્ધો કલાક આપુ છું... પણ જલ્દી કરજે.'

મહાકંજૂસને માત્ર એક ચિઠ્ઠી લખવા પૂરતો સમય મળ્યો. તેણે ચિઠ્ઠીમાં લખ્યું, 'આ ચિઠ્ઠી જેને પણ વાંચવા મળે તેને એક જ સલાહ આપું છું. જિંદગી જીવી લેજો, દરેક પળને માણી લેજો. મારી જેમ ધન ભેગું કરવાને બદલે 'આજની ઘડી રળિયામણી' સમજીને પ્રત્યેક પળને જીવી જાણજો. મારા દસ કરોડ રૂપિયાથી હું એક કલાક પણ ન ખરીદી શકયો!'

નિદા ફઝલી કહે છે, ''યે જિંદગી હૈ કુછ ખ્વાબ ચંદ ઉમ્મીદેં
ઈન્હી ખિલૌનેસે તુમ ભી બહલ સકો તો ચલો.''

કાલ કોણે દીઠી છે. આજને માણનારા વર્તમાનમાં જીવે છે. આનંદ કરવા માટે નિરાંતના સમયની રાહ જોનારા માટે નિરાંત કયારેય આવતી જ નથી.

સમય કયારે પૂરો થશે - કોઈને ખબર નથી. જે કામો બાકી છે તે ઝડપથી પૂરા કરી લેવામાં જ ડહાપણ છે. કોઈની માફી માગવાની છે તો માગી લો. કોઈને માફ કરવા છે તો માફ કરી દયો.પ્રિયજનને પ્રેમ કરવો છે કે પછી પ્રેમનો એકરાર કરવો છે તો સમય વેડફયા વગર એકરાર કરી લો. યમરાજના આવવાની જાણ અગાઉથી કોઈને થતી નથી. દાન આપવું છે, કોઈ સ્નેહી સાથે મીઠી ગોઠડી કરવી છે કે પછી કોઈને સોરી કહેવાનું રહી ગયું છે તો તેનો તાત્કાલિક અમલ કરવામાં જ સમજદારી રહેલી છે. ખરી વાસ્તવિકતા એ છે કે આજદિન સુધી યમરાજને કોઈ છેતરી શકયું નથી.સમય કિંમતી છે કે પૈસો -એ નકકી કરવામાં જ ઘણો બધો સમય વહી જતો હોય છે. સમયનો સદ્‌ઉપયોગ સમજવો, એવી સમજદારી કેળવવી ,એ મોટી મીરાત છે.

સમયનો ઉપયોગ અને દૂરઉપયોગ આ બે અંતિમોને સમજતાં સમય વિતી જાય છે. જીવનમાં પૈસો જ બધુ છે એ વાતનું ખંડન થતાં -થતાં જીવનના મોટા ભાગના વર્ષો નિકળી જતાં હોય છે.

પથારી પાથરવામાં રાત આખી પસાર થાય છે ને છેવટે ઊંઘવા પડીએ ત્યાં સવાર થઈ ગયેલી હોય છે. પથારી પાથરવામાં એટલો સમય લીધો કે ઊંઘવાનું ભૂલી જવાયુ, પૈસો ભેગો કરવામાં એટલો સમય વિતી ગયો કે પૈસાને વાપરવાનો સમય જ ન મળ્યો. છેવટે આ બધી દોડધામ કેમ, શા માટે, કોના માટે? આ પ્રશ્નનો જવાબ મેળવવામાં હવે સમય પસાર કરવા જેવો નથી.

અનુસંધાન પાના નં. ૭ પર

સુખ તો બેરર ચેક જેવું છે, જેવું મળે તરત વટાવી લેવું...

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

જહાં જિતના થોડા સા
સુખ મિલતા હો
ઔર કૃતજ્ઞ હાથો સે
લે લેના ચાહિયે
ઉસીકા નામ સ્વીધીનતા હૈ
બાકી સબ સંઘર્ષ હૈ
અન્ત-હીન, આશાહીન, અર્થહીન સંઘર્ષ

- અજ્ઞેય (કવિ સચ્ચિદાનંદ હિરાનંદ)

અજ્ઞેયજીની સુપ્રસિદ્ધ નવલકથા 'નદી કે દ્વિપ' માંની આ પંક્તિ છે.

આપણા જીવનનો એક મહાવિચિત્ર નિયમ એ છે કે આપણે જેની પાછળ ભાગીએ છીએ તે કદી પ્રાપ્ત થતું નથી અને ભણવાનું છોડી દઈએ છીએ તો તે દોડતું સામે આવે છે...

જે કાંઈ આપણી પાસે છે, તેનાથી ખુસ થવું આપણને પસંદ નથી... જે નથી તેને રોવું છે... એક કાગડો હંમેશા વિચારતો રહેતો હતો કે યાર! મારા જેટલો દુઃખી કોઈ નહીં હોય... ન તો મારી પાસે રૂપ છે. ન તો સ્વર છે... મારી કરતા તો કોયલ સુખી છે. તે કોયલ પાસે જાય છે... કોયલ કહે છે કે અરે કાગડા... મારી કરતા તો બગલો વધુ સુખી છે. તે સફેદ પણ છે અને અવાજ પણ ઠીકઠાક છે...

બગલા પાસે કાગડો પહોંચે છે. બગલો કહે છે શું યાર! મારી પાસે તો એક જ કલર છે... જયારે પોપટ પાસે તો કલર અને અવાજ બંન છે. તે તો મનુષ્યવાણી પણ બોલી શકે છે! કાગડો પોપટ પાસે ગયો... પોપટ કહે શું વાત કરે છે? સુખી અને હું મારી પાસે તો બે જ કલર છે, સુખી તો મોર છે... એની પાસે તો અખૂટ કલર્સ છે અને સુંદર અવાજ છે... તે જયારે કળા કરતો હોય ત્યારે લોકો તેની સામે સેલ્ફી પણ ખેંચાવે છે...

કાગડાને પણ લાગ્યું કે હા! વાત તો સાચી છે... સૌથી સુંદર પક્ષી છો મોર જ છે... મોર કહે છે આ પૃથ્વી પર જો સૌથી સુખી પક્ષી કોઈ હોય તો તે કાગડો છે.... કાગડો ચોક્યો - 'શું વાત કરે છે! સૌથી સુખી હું?' મોરે જવાબ આપ્યો હા! સૌથી સુખી તું જ છે... કારણ કે આજ સુધી મેં કયારેય પ્રાણી સંગ્રહાલયમાં કોઈ કાગડાને પૂરાયેલો નથી જોયો.... અને સ્વતંત્રતાથી વધુ બીજી કોઈ ખુશી સુખ હોઈ જ ન શકે ને!

આપણા બધાનું કાગડા જેવું છે... વિષય જૂનો અને ચવાયેલો છે કે 'આપણે બીજાના સુખને જોઈને પોતાની ખુશીનું માપ કાઢીએ છીએ.' પણ આટ આટલા ફીલોસોપીકલ લખાણો લેખો આ વિષયમાં વંચાયા, સંભળાયા હોવા છતાં આપણે હજી મુદ્દાને સમજીને અણસમજ્યો કરતા રહ્યા છીએ...

ઉપરોક્ત પંક્તિમાં સુખની જે વાત કરવામાં આવી છે, તેને પકડીમાં લેવાની વાત કરી છે... જયાથી જેટલા પ્રમાણમાં સુખ મળે તેને બેઉ હાથે ભેગું કરી લેવું જોઈએ...

સુખ કે ખુશી રેસકોર્સ પર પૈસા લગાવેલા ઘોડો જીતે ત્યારે અથવા ગિલ્લી દંડામાં આપણે જીતી જઈએ ત્યારે... બંને વખતે સુખ તો ગળે જ છે... આપણે સુખ કોને માનીએ છીએ, તેના ઉપર નિર્ભર છે...

કોઈ જોક્સ સાંભળીએ છીએ, મજા આવે છે તો મન ભરીને હસીએ, ખડખડાટ હસીએ... પોતાના નાના સંતાન માટે રમતા રમતા તેના જેટલા બની જઈએ છીએ ત્યારે જે આનંદ મળે છે તે સમેટીએ... નાના બાલકની કાલી ઘેલી બોલીમાં ચકા-ચકીની વાર્તા સાંભળીને ખુશ થઈએ... સાથી કર્મચારી સાથે કેન્ટિનમાં ચા પીતા-પીતા ઠઠ્ઠા મશ્કરી કરીને ખુશ રહીએ...

સુખના હાથવગા સાધન તો હજાર છે, અને બધા આપણી પાસે આવ ઢૂંકડા છે. આપણો પરિવાર આ જીવનમાં જન્મ લીધા પછી આપણી માટે જ કોઈ સૌથી વધુ મહત્ત્વના વ્યક્તિઓ હોય તો તે છે આપણો પરિવાર... મા-બાપ, ભાઈ-બહેન, પત્ની-બાળકો.... શું આ જણસ આપણને ખુશ રાખવા માટે પર્યાપ્ત નથી? બિલકુલ છે...

નિરાશા હતાશા અને નિષ્ફળથા આપણે પોતે ઈચ્છીએ તો જ આપણા પર હાવી થઈ શકે છે... શું કામ આપણે... નથી - નથી... ની કાગારોળ કરીને જે છે તેને પણ નજરઅંદાજ કરતા રહીએ છીએ... દુનિયાનો કોઈ પણ વ્યક્તિ આપણી ઈચ્છા વિરુદ્ધ આપણને દુઃખી નથી કરી શકતો...

આપણું જીવન તો આનંદી કાગડા જેવું રાખવું... જયાં જે પરિસ્થિતિમાં નાખો તે ખુશ જ રહેતો હોય છે... આ વાર્તા આપણે પહેલાં ઘણીવાર સાંભળી છે... જીવનમાં ઉતારી નથી...

આનંદ સુખ એ એવી સંપત્તિ છે, જે 'હીડન' છે... આપણામાં રહેલો છૂપો ખજાનો છે... કોઈ પણ ગેમ આપણે રમતા હોઈએ ત્યારે બોનસ પોઈન્ટ અથવા વધુ શક્તિશાળી થવા માટે વચ્ચે વચ્ચે 'માઈલસ્ટોન' આવતા રહે છે. આપણે ગેમમાં કોઈ પણ સંજોગોમાં એ માઈલસ્ટોન આપણા પોઈન્ટ વધારવા કે આપણી તાકાત વધારવા જોમ લગાડી દઈએ છીએ.... આવું જ જીવનરૂપી રમતમાં છે - અહીંયા પણ જીવનમાં વધુ એનર્જી મેળવવા સુખી થવાના આનંદ પ્રાપ્ત કરવાના અગણિત માઈસ્ટોન આવતા રહે છે... આવશ્યકતા છે તેને ઓળખવાની... અને મુઠ્ઠીમાં કરી લેવાની. નાની-નાની વાતોમાં અને ક્ષુલ્લક ક્ષણોમાં સુખ અને આનંદ શોધી લેનાર આજના સમયનો 'ગેમ-વિનર' બની શકે છે...

● ચિત્રલેખાની એલચી -
નિરાશાવાદીની નરે સુખની વ્યાખ્યા :
'સુખ સરિતા જેવું છે, જે કદાપિ ન સુકાય...'
આશાવાદીની નજરે સુખની વ્યાખ્યા :
'સુખ તો બેરર ચેક જેવું છે. મળે કે તરત વટાવી લેવું!'

- jayuoza@gmail.com,
Mo. 9898046488

પુરુષોત્તમ ઉપાધ્યાય મંચ પર કે અંગત સ્વજનોની મહેફિલમાં ગાય છે ત્યારે અલૌકિક વાતાવરણ સર્જાય છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'૧૯૮૧માં અમદાવાદમાં શ્યામલ-સૌમિલ મુનશી અને હું, અમે મોરપીંછ નામે કાર્યક્રમ કર્યો હતો... એની વાત મુંબઈ સુધી પહોંચી અને એક દિવસ તેઓ શ્યામલ-સૌમીલના ઘરે રીક્ષામાં આવી પહોંચ્યા...' જાણીતા કવિ અને કાર્યક્રમ સંચાલક તુષાર શુક્લે કહ્યું.

પ્રસંગ હતો ગુજરાતી ભાષાના સુગમ-સંગીતના ગીતોને વિશ્વભરમાં લોકપ્રિય બનાવનાર ગાયક-સ્વરકાર પુરુષોત્તમ ઉપાધ્યાયને રાષ્ટ્રીય સન્માન પદ્મશ્રી મળ્યાના વધામણા રૂપે એમના ઓવારણાં લેવાનાં... એમની સાથે સંભારણા વાગોળવાના... સંગીતપ્રેમી સ્વજનો વિક્રમ પટેલ તથા મનીષ પટેલ - રાજેશ પટેલ દ્વારા આયોજિત આ સ્નેહમિલનમાં પુરુષોત્તમ ઉપાધ્યાયને પ્રેમ કરનારા કલાકારો અને કલાચાહકો ઉપસ્થિત રહ્યા ત્યારે આરંભે લખેલી વાત તુષાર શુકલે કરી... વાતને આગળ વધારતા એમને કહ્યું કે મુંબઈમાં કાર્યક્રમ કર્યો અને અમારી પીઠ થાબડી ત્યારે કહ્યું કે 'ભવિષ્યમાં આગળ વધો અને ખુબ સરસ કામ કરો.' આમ પુરુષોત્તમ ભાઈએ અમને હુંફ આપી. પુરુષોત્તમભાઈને ગુજરાતી સુગમ સંગીતના ઉત્તમ ગવૈયા અને સ્વરકાર તરીકે ઓળખાવતા તુષારભાઈએ કહ્યું, કે ડોન છે સુગમ સંગીતનાં, (DON અને DAWN) બંને પ્રમાણે આ સાચું છે.

'હેમંત આ પૈસા વધારે છે, અડધા પાછા રાખ' આ શબ્દો મને ૧૯૮૦માં કહેનાર માણસ એટલે પુરુષોત્તમ ઉપાધ્યાય' જુનાગઢથી આવેલા નાટ્ય કલાકાર અને પુરુષોત્તમ પ્રેમી હેમંત નાણાવટીએ કહ્યું...

ઘટના એવી બની હતી કે ૧૯૮૦મા જુનાગઢમાં મિત્રોને વિચાર આવ્યો કે પુરુષોત્તમ ઉપાધ્યાયનો કાર્યક્રમ કરવો છે. કયાંકથી ફોન નંબર શોધીને હેમંતભાઈએ વાત કરી, કહ્યું કે આવીશ, પ્રશ્ન પુછ્યો પુરસ્કાર બાબતે તો હેમંતભાઈએ કહ્યું કે આવનાર અતિથિ માટે અત્યારે તો અમારી પાસે પાણી ભરેલો લોટો અને ગ્લાસ છે. તો પુરુષોત્તમભાઈએ ઉમળકાથી આવવાનું સ્વીકાયું.... આવ્યા... સરસ કાર્યક્રમ થયો... કાર્યક્રમમાંથી સારી એવી રકમ એકઠી થઈ હતી એટલે રૂા. ૫૦૦૦/- એમને આપ્યા તો ગણીને એમાંથી રૂા. ૨૫૦૦/- પાછા હેમંતભાઈને આપ્યા અને આ સંવાદ કહ્યો.... આગ્રહ કર્યો. પૈસા પુરેપુરા લેવાનો તો પણ ના લીધા. પુરુષોત્તમભાઈએ કહ્યું કે, 'આ રકમ તમને પરત આપી, હવે એમાંથી તમે કોઈ બીજા કલાકારને બોલાવજો... પ્રવૃત્તિ જીવંત રાખજો.' અને હેમંતભાઈએ આ પ્રવૃત્તિ જૂનાગઢમાં જીવંત રાખી. હેમંતભાઈએ એમને 'પીયુ' તરીકે ઓળખાવ્યા અને કહ્યું કે ગુજરાતી સુગમ સંગીતને પુરુષોત્તમભાઈએ સંપીલુ રાખ્યું છે. આપણે સૌ એમની સક્રિયતાની શતાબ્દી પણ ઉજવીશું એવી આશા તેઓએ પ્રગટ કરી.

ભાગ્યેશ જહા, બીજલ ઉપાધ્યાય, નીતીન શુક્લ, બિપીનભાઈ શાહ, માધવ રામાનુજ, નયનેશ જાની, નયન પંચોલી, ભૂમિક શાહ જેવા પુરુષોત્તમભાઈના ચાહકોએ પોતાનો આનંદ વ્યક્ત કર્યો એમાં પુરુષોત્તમભાઈએ ગુજરાતી સુગમ સંગીત ક્ષેત્રે કરેલી કામગીરીને બિરદાવવામાં આવી. પુરુષોત્તમ ઉપાધ્યાયે પ્રતિભાવમાં કહ્યું કે, 'મને મળેલા એવોર્ડમાં તમારો પ્રેમ સમાયેલો છે. અવિનાશ વ્યાસ સાથેના સંસ્મરણો યાદ કર્યા અને થોડી રચનાઓ પણ થોડી મિનિટો માટે પ્રસ્તુત કરી. વિધવિધ ક્ષેત્રના અનેક મહાનુભાવો જેઓ પુરુષોત્તમ ઉપાધ્યાયના ચાહકો રહ્યા અને સહુની હાજરીમાં યોજાયેલા સ્નેહમિલનનો કાર્યક્રમ કાયમી સંભારણું બની રહ્યો.'

જન્મ નડિયાદમાં, મૂળવતન ઉત્તર સંડા, કર્મભૂમિ મુંબઈ અને એમના ચાહરકો વિશ્વભરમાં, એવા સૂરોત્તમ - પુરુષોત્તમ ઉપાધ્યાય જયારે જયારે મંચ પર કે અંગત સ્વજનોની મહેફિલમાં ગાવા બેસે છે ત્યારે કોઈ અલૌકિક વાતાવરણ ઊભું થાય છે. કેટલાક લોકો એવું માને છે કે એમણે ઉર્દૂ ગઝલો ગાઈ તો એ વધુ લોકપ્રિય હોત... પણ એમને ગુજરાતીઓના હૃદયમાં હૃદયસ્થ થવાનું પસંદ કર્યું ગુજરાતી ગીતો ગાઈને.

એમને સ્વરબદ્ધ કરેલી ગુજરાતી સુગમ સંગીતની રચનાઓ બેગમ અખ્તર, લગા મંગેશકર, આશા ભોંસલે, મહંમદ રફી, મુકેશ જેવા અનેક હિન્દી ગાયકો ગાઈ છે. અનેક દેશોમાં - ભારતના મહાનગરો હોય કે ગામડા ગામની પ્રસિદ્ધ જગ્યાઓ હોય, પુરુષોત્તમ ઉપાધ્યાયે આગવી છટાથી ગાયું છે. અને વિશ્વભરમાં એમના ચાહકો છે. સાંજે ગાવાનું શરુ કર્યું હોય તો છેક મળસ્કા સુધી ગાયું હોય એવી યે ઘટનાઓ છે. એમની સાથે દાયકાઓ સુધી સ્વર પ્રસ્તુતિ કરનાર હંસા દવેના મધુર ગીતો આજેય લોકહૈયે સચવાયા છે. પુરુષોત્તમ ઉપાધ્યાય કહે છે કે 'ગૌરાંગ વ્યાસ અવિનાશ વ્યાસના વારસપુત્ર છે અને હું માનસ પુત્ર છું.' ગુજરાતી સુગમ સંગીતના ગીતોન લોકહૃદય સુધી પહોંચાડવામાં જેમનો સિંહફાળો રહ્યો છે. એવા આ સ્વરકારોને હંમેશા પ્રોત્સાહિત કર્યા છે. એમનું મહત્વપૂર્ણ પ્રદાન એ છે કે એમને ગાયેલા ગીતોને કારણે ગુજરાતી કાવ્યો કંઈ કેટલાયે ભાવકોને હૃદયસ્થ થયા છે. ગુજરાતી ફિલ્મોમાં પણ એમને કરેલું કામ વિશેષ ઉલ્લેખનીય છે. સમાજ જીવનમાં અને આસપાસમાં બનતી ઘટનાઓનું અવલોકન કરીને એમાંથી નિર્ભેળ હાસ્ય પ્રગટ ખરવાની એમની સુઝ પણ કાબિલેદાદ છે.

આ લખનારે ભાવનગરમાં અને પછીથી અન્ય શહેરોમાં એમને ૧૯૮૦ના દાયકાથી સાંભળ્યા છે ને એમના કાર્યક્રમોમાં શબ્દ સંગાથ કરવાનું સદ્‌ભાગ્ય પણ સાંપડયું છે ને એમનો અપાર પ્રેમ પણ સાંપડ્યો છે.

ગુજરાતી ભાષાના ગીતોને કાવ્યોને પસંદ કરીને એને સમજણપૂર્વક સ્વરબદ્ધ કરનાર આ કલાકારે ગાયક તરીકે પાથરેલો જાદુ આજે પણ એટલો જ જીવંત છે. ૮૦ વર્ષની વયે પણ એ ૪ મિનિટ કે ૪ કલાક ગીત રજૂ કરે ત્યારે કોઈ નોખી-અનુભૂતિ થાય છે.

સૂર-શબ્દના આવા સમર્થ સાધકનું સન્માન થાય એ આનંદ વહેંચાય ત્યારે સહુ રાજી થાય. પુરુષોત્તમ ઉપાધ્યાય સ્વર પ્રસ્તુતિ કરે છે ત્યારે સૂરોના અજવાળા રેલાય છે ને શ્રોતાઓને આ અજવાળામાં આનંદની કેડીઓ જડે છે.

●●●

હું અંગ્રેજી બોલતો થયો તો,
કેટલાક અમેરિકન ગુજરાતી
બોલતા પણ થયા છે.

- પુરુષોત્તમ ઉપાધ્યાય